# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

<u>પ્રજાસત્તાક દિવસની રાજ્યના લોકોને ખૂબ ખૂબ શુભેચ્છા...</u>

1) **દેશ આજે ગૌરવભેર 76મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યો છે - રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણી આજે તાપી ખાતે કરાશે.**

2) **નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં હાજર રહેવા રાજ્યના અનેક લોકોને આમંત્રણ.**

3) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, “દેશને આઝાદી અપાવવામાં આદિવાસી સમુદાયનું મહત્વનું યોગદાન રહ્યું છે.”**

4) **રાજ્યના આઠ મહાનુભાવોને પદ્મ પુરસ્કારોથી સન્માનિત કરાશે.**

5) **રાજ્યમાં આગામી 2 દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેવાની હવામાન વિભાગની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# 26 JANUARY

દેશ આજે 76મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીના કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું નેતૃત્વ કરશે. પ્રજાસત્તાક દિવસની પરેડ સવારે 10:30 વાગ્યે શરૂ થશે અને લગભગ 90 મિનિટ સુધી ચાલશે. પ્રજાસત્તાક દિવસની પરેડની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કર્તવ્ય પથ પરેડમાં સશસ્ત્ર દળો, અર્ધલશ્કરી દળો, સહાયક નાગરિક દળો, NCC અને NSS ના એકમોની સલામી ઝીલશે.

આકાશવાણી અને દૂરદર્શન પર આજે નવી દિલ્હીના કર્તવ્ય પથથી 76માં પ્રજસત્તાક દિવસની પરેડનું જીવંત પ્રસારણ કરાશે. આ પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટરર્કની સાથે સાથે ઓટીટી પ્લેટફોર્મ – વેવ્ઝ પર પણ કરાશે.

# MINISTERS REPUBLIC DAY CELEBRATION

તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં આજે રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન સમારોહ યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સાબરકાંઠાના ઈડરમાં ખાતે ધ્વજવંદન કરશે.

મંત્રીમંડળના મંત્રીઓ જેવા કે, કનુ દેસાઈ વલસાડના વાપી, ઋષિકેશ પટેલ બનાસકાંઠાના અંબાજી, રાઘવજી પટેલ રાજકોટના કોટડાસાંગાણી, બળવંતસિંહ રાજપૂત મહેસાણાના પાંચોટ, કુંવરજી બાવળિયા બોટાદના બરવાડા, મુળૂભાઈ બેરા જામનગર, ડૉક્ટર કુબેર ડિંડોર ભાવનગરના શિહાર, ભાનુબેન બાબરિયા

અમદાવાદનાં ધંધૂકા ખાતે ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત રહેશે. જ્યારે રાજ્યકક્ષાના મંત્રીઓ જેવા કે, હર્ષ સંઘવી ગાંધીનગર અને પ્રફુલ પાનશેરિયા સુરતના ઉમરપાડામાં ધ્વજવંદન કરશે.

ઉપરાંત સુરેન્દ્રનગર, આણંદ, પોરબંદર, અમરેલી, જુનાગઢ, કચ્છ, વડોદરા, નર્મદા, મહીસાગર, ડાંગ, પાટણ, દેવભૂમિદ્વારકા, અરવલ્લી અને મોરબીમાં સંબંધિત જિલ્લાના કલેકટરના હસ્તે ધ્વજવંદન સમારોહ યોજાશે.

# DELHI PARADE AMANTRAN

નવી દિલ્હીના કર્તવ્ય પથ પર આજે 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે યોજાનાર પરેડમાં હાજર રહેવા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા રાજ્યના 150થી વધુ લોકોને આમંત્રણ અપાયું છે.

બનાસકાંઠામાં ગુજરાત આદિજાતિ નિગમના અધિકારી દશરથ સુથારે પરેડ માટે આમંત્રણ અંગે પ્રતિક્રિયા આપી હતી.

## (બાઈટઃ દશરથ સુથાર, આમંત્રિત મહેમાન)

આમંત્રણ મેળવનારા બનાસકાંઠાના ખેડૂત કનુભાઈ રાણાએ આ મુજબ પ્રતિક્રિયા આપી.

## (બાઈટઃ કનુભાઈ રાણા, આમંત્રિત મહેમાન)

આ તરફ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ કેવડી શિક્ષણ કેન્દ્ર ખાતે ભણતાં પ્રિકલ શાહને પણ પરેડમાં ભાગ લેવા આમંત્રણ મળ્યું છે. આ અંગે પ્રિકલ શાહનાં માતા શિવા શાહે માહિતી આપી.

## (બાઈટઃ શિવા શાહ, પ્રિકલ શાહનાં માતા)

# CM TAPI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, “દેશને આઝાદી અપાવવામાં આદિવાસી સમુદાયનું મહત્વનું યોગદાન રહ્યું છે.” તાપી જિલ્લામાં ગઈકાલે 240 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉંમેર્યું, ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સેના દ્વારા આદિજાતિઓમાં અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવાની ચેતના, સાહસ અને શૌર્ય જગાવ્યા હતા. દરમિયાન શ્રી પટેલે સ્વરાજની લડાઈમાં તાપીના વ્યારાના યોગદાનને પણ યાદ કર્યું હતું.

## (બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના સંબોધનમાં યુવાનોને વ્યસનથી દૂર રહેવા અને ભારતના સાંસ્કૃતિક મૂલ્યોમાં જોડાવવા અપીલ કરી હતી.

## (બાઈટઃ આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

# CM E RIKSHWA

આ સાથે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ઘનકચરા વ્યવસ્થાપન માટે તાપી જિલ્લામાં 49 ઇકો ફ્રેન્ડલી રિક્ષાનું લોકાર્પણ કર્યું હતું. તેમણે  લીલીઝંડી આપી ઈ-રિક્ષાને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ ઈ-રિક્ષાઓ ઘરે ઘરે કચરો એકત્ર કરી તેને વર્ગીકૃત કરી ભીના કચરાને ખાતર તરીકે ઉપયોગ કરાશે. ઉપરાંત મુખ્યમંત્રીએ જિલ્લાના યુવાનો, રમતવીરો માટે વ્યારા ખાતે 10 કરોડ રૂપિયાના ખર્ચે અને આશરે સાત એકરમાં નિર્માણ પામેલા જિલ્લા રમત સંકુલ ખૂલ્યું મૂક્યું.

# PADMA AWARD GUJARAT

76મા પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ ગઈકાલે સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ પુરસ્કારોની જાહેરાત કરાઈ છે. આ પુરસ્કારમાં રાજ્યનાં આઠ મહાનુભાવોનો સમાવેશ કરાયો છે. ભારત સરકારની જાહેરાત મુજબ, નૃત્ય ક્ષેત્રે અનન્ય સિદ્ધિઓ હાંસલ કરનારાં કુમુદિનીબેન લાખિયાને પદ્મવિભૂષણથી સન્માનવામાં આવ્યાં છે. જ્યારે વેપાર ઉદ્યોગ ક્ષેત્રે અગ્રણી પંકજ પટેલને પદ્મભૂષણ, સાહિત્ય ક્ષેત્રે સ્વર્ગીય ચંદ્રકાન્ત શેઠને મરણોત્તર પદ્મશ્રી સન્માન મળ્યું છે.

જ્યારે આર્કિટેક ક્ષેત્રે ચંદ્રકાન્ત સોમપુરા, કળા ક્ષેત્રે સુરેન્દ્રનગરના લવજી નાગજીભાઈ પરમાર અને રતનકુમાર પરિમુ, સમાજ સેવા માટે સાબરકાંઠાના સુરેશ હરિલાલ સોની અને ગુજરાતી ભાષાના કવિ તુષાર દુર્ગેશભાઈ શુક્લને સાહિત્ય ક્ષેત્રે યોગદાન બદલ પદ્મશ્રીથી સન્માનિત કરાયા છે. રાજ્યના આ તમામ પદ્મ પુરસ્કાર વિજેતાઓને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અભિનંદન પાઠવ્યા છે.

# WEATHER

રાજ્યભરમાં ઠંડીનું જોર યથાવત્ છે અને આગામી 48 કલાક સુધી આ જ સ્થિતિ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. વિભાગના જણાવ્યા મુજબ, અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાં મહત્તમ તાપમાન 2 ડિગ્રી સેલ્સિયસ

સુધી ઘટ્યું હતું. તેમજ રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમન સામાન્ય અથવા સામાન્યથી ઓછું નોંધાયું હતું, પરંતુ રાત્રિ દરમિયાનના લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો નહતો.

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે ભુજ, કંડલા હવાઈમથક, અને પોરબંદર જિલ્લામાં 13 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું. આ સિવાયના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન 14 અને તેથી વધુ નોંધાયું હતું.

# LOK VIGYAN KENDRA

ડાંગ જિલ્લાના મુખ્યમથક આહવા જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે ગુજરાત વિજ્ઞાન અને ટેકનોલોજી પરિસદ દ્વારા દુર્લભ ખગોળીય ઘટનાને નિહાળવા માટે જાહેર અવલોકન કાર્યક્રમનું આયોજન કરાયું હતું

આ પ્રસંગે આહવાના નગરજનો અને આશ્રમ શાળાના બાળકોએ ટેલિસ્કોપ દ્વારા આ ખગોળીય ઘટનાને નિહાળી હતી. લોકવિજ્ઞાન કેન્દ્રના જિલ્લા સંયોજકે બાળકોને ખગોળીય ઘટના અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે આહવાના નગરજનો અને મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# MAHAKUMBH SPL. TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળની ત્રણ જોડી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેનોમાં ચાર ચાર વધારાના કોચ જોડવામાં આવ્યા છે.

સાબરમતી-બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેનમાં સાબરમતી થી 5, 9, 14 અને 18 ફેબ્રુઆરીએ તથા બનારસથી 6, 10, 15 અને 19 ફેબ્રુઆરીએ ઉપડનારી ટ્રેનમાં બે એસી 3-ટાયર અને બે સ્લીપર ક્લાસના વધારાના કોચ ઉમેરાશે.

અમદાવાદ-જંઘઈ-અમદાવાદ મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેનમાં અમદાવાદથી 5, 14, 15, 18, 19 અને 26 ફેબ્રુઆરીએ તથા જંઘઈ થી 7, 16, 17, 20, 21 અને 28 ફેબ્રુઆરીએ ઉપડનારી ટ્રેનમાં બે એસી 3-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરાશે.

ઉપરાંત આવતીકાલે સાબરમતીથી ઊપડતી ઉપડનારી સાબરમતી-બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેનમાં અને 27 જાન્યુઆરીએ બનારસથી ઉપડનારી ટ્રેનમાં બે એસી 3-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે.

# MAHAKUMBH VOLVO BUS

**ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં પહોંચવા રાજ્યમાં આવતીકાલે સોમવારથી AC વૉલ્વો બસ સેવા શરૂ કરાશે. પ્રથમ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કિટ હાઉસથી આ યાત્રાને પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ દરરોજ સવારે સાત વાગે અમદાવાદના રાણિપ એસ.ટી. ડેપો, અમદાવાદથી AC વૉલ્વો બસ પ્રયાગરાજ જશે.**

**8 હજાર 100 રૂપિયામાં પ્રતિ વ્યક્તિ 3 રાત્રિ, 4 દિવસનું પેકેજ શ્રદ્ધાળુઓ માટે ST નિગમ અને પ્રવાસન વિભાગનાં સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયું છે. આ પેકેજમાં**

**ત્રણ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરાયો છે. રાત્રિ રોકાણ પ્રયાગરાજમાં ગુજરાત પેવેલિયનની શયનખંડમાં રહેશે. પ્રયાગરાજ પેકેજનું બુકિંગ ગઈકાલથી એસટી નિગમની વેબસાઈટ WWW.GSRTC.IN મારફતે કરી શકાશે.**

# BHANUBEN HINDU MELO

કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું કે, દીકરીઓએ આંગણવાડીથી લઈને અંતરિક્ષ સુધી પ્રગતિ કરી છે, દીકરી એટલે ભવ્યતા, દિવ્યતા અને આધ્યાત્મિકતા. અમદાવાદ ખાતે હિન્દુ આધ્યાત્મિક સેવા મેળામાં આયોજિત કન્યાવંદન કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા આ મુજબ જણાવ્યું હતું. હિન્દુ આધ્યાત્મિક સેવા મેળામાં મહાનુભાવો દ્વારા શાળાની કન્યાઓની પૂજા કરી કન્યા વંદન પણ કરવામાં આવ્યું.